
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મારા યજમાનને ગરૂડથી પણ વધારે ઝડપથી વાહન ચલાવવાનો શોખ હતો, માટે ગરૂડ પુરાણ બેસાડવું પડયું છે... તમે ધ્યાન રાખજો...!!

# ઓ.પી.કોહલીને રાજ્ય સરકાર તરફથી ભાવભર્યું વિદાયમાન

**ગુજરાત અને ગુજરાતીઓ વૈષ્ણવજનભાવથી સેવા સહયોગ દ્વારા વિકાસમાં અગ્રેસર છે : રાજયપાલશ્રી**



**બંધારણીય વડા તરીકે રાજયપાલશ્રીએ અમારું સદા સર્વદા માર્ગદર્શન કર્યું છે – પિતૃવત્સલ ભાવ દાખવ્યો છે : મુખ્યમંત્રીશ્રી**



ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના રાજયપાલપદે કાર્યકાળ પૂર્ણ કરી વિદાય લઈ રહેલા રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીને રાજ્ય સરકાર તરફથી અમદાવાદમાં ભાવભર્યું સ્નેહવિદાય માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં આપવામાં આવ્યુ હતું.

રાજયપાલશ્રીને મુખ્યમંત્રીશ્રીએ સ્મૃતિભેટ અને શાલ પ્રદાન કરી સન્માનિત કર્યા હતા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે રાજયપાલશ્રીનું તેમના કાર્યકાળ દરમિયાન રાજ્ય સરકારનું વિવિધ સ્તરે તેમજ યોજનાઓમાં સતત પ્રેરણા-માર્ગદર્શન મળતું રહ્યું તે માટે હૃદયપૂર્વકનો આભાર વ્યક્ત કર્યો હતો.

તેમણે રાજ્યપાલશ્રી સાથે પોતાના રાજ્યસભાના સહયોગી સાંસદ તેમજ છાત્રકાળના સંસ્મરણો વાગોળ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજયપાલશ્રીએ એક સાચા પ્રશાસક-સંવેદનશીલ શાસકભાવથી સૌનું પ્રેરણા-માર્ગદર્શન કરીને બંધારણીય વડા તરીકેની ગરીમા ઉજાળી છે.

રાજયપાલશ્રીએ સન્માન પ્રત્યુતરમાં ભાવવાહી થતા કહ્યું કે, ગુજરાત અને ગુજરાતીઓની સહજતા, સૌ સાથે મળી પરસ્પર સહયોગ-સહકાર તેમજ વૈષ્ણવજનની નિઃસ્પૃહ ભાવનાથી વિકાસમાં સદાય અગ્રેસર રહેવાની ભાવના વિશ્વમાં ગુજરાતીને ઝળકાવે છે. શ્રી કોહલીએ રાજ્ય મંત્રીમંડળ, વિપક્ષ, ન્યાયપાલિકા તેમજ રાજય સરકારના વિભાગોના વડાઓ સૌનો પોતાને મળેલા સહયોગ અંગેનો ઋણસ્વીકાર કર્યો હતો.

રાજયપાલશ્રીએ પોતાના કાર્યકાળ દરમિયાન રાજયના બહુધા જિલ્લાઓની મુલાકાત લઈ સામાન્યજન સાથે પણ આત્મીયતાનો નાતો પ્રસ્થાપિત કર્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

પ્રારંભમાં મુખ્ય સચિવ શ્રી ડૉ. જે.એન.સિંઘે સૌને આવકાર્યા હતા. લેડી ગવર્નર અવિનાશકૌર કોહલીનું શ્રીમતી અંજલિબહેન રૂપાણીએ સન્માન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રાજયપાલશ્રીને વડનગરનું તોરણ અને સરદાર સાહેબની પ્રતિમા ભેટ કરી હતી.

વિપક્ષના નેતા શ્રી પરેશભાઈ ધાનાણીએ પણ રાજયપાલશ્રીને સ્મૃતિ ભેટ અર્પણ કરી હતી. આ વેળાએ રાજય સરકારના વરિષ્ઠ સચિવો-અધિકારીઓ જોડાયા હતા.

## રાંધેજામાં ઉછીના આપેલા પૈસાની ઉઘરાણીમાં દંપતિ પર હુમલો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં ઉછીના આપેલા રૂપીયાની કડક ઉઘરાણીને લઈને વાત મારામારી સુધી પહોંચતા આ મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. પેથાપુર પોલીસ મથકમાં ફરીયાદીએ બીજુ કોઈ સામે નહીં પરંતુ પોતાના પરિવારના ૪ સભ્યો સામે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ રાંધેજા ગામે શીરવી વાસમાં રહેતા રાકેશભાઈ રામાભાઈ બારોટ રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. રાકેશભાઈએ અગાઉ પોતાની બહેન પાસે ઉછીના રૂપીયા લીધા હતા. ત્યારે ગુરુવારના સવારે તેઓ ઘરે હાજર હતા,ત્યારે તેમના ભાઈ હસમુખભાઈ, માતા લક્ષ્મીબેન (બંન્ને રહે. હરખજીના મુવાડા) બેન યોગીના અશ્વિનભાઈ બારોટ (રહે.બોરલ અરવલ્લી) તેમજ સતિષભાઈ નટવરભાઈ બારોટ (રહે. ઉનાવા)આવ્યા હતા. યોગીના બેને ઉછીના આપેલા રૂપીયા આપવાનું કહેતા રાકેશભાઈએ હાલ સગવડ નથી તેમ કહેતા જ હસમુખભાઈ અને સતિષભાઈએ તેમને ગડદાપાટુનો માર માર્યો હતો. જયારે તેમની માતાઅને બહેને રાકેશભાઈની પત્ની સજ્જનબેનને મારમારવા લાગ્યા હતા. ઝઘડાને પગલે આસપાસના નાગરીકો દોડી આવીને દંપતિને છોડાવ્યું હતું. તે સમયે હસમુખભાઈએ તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે બાદ દંપતિએ ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ ખાતે પહોંચીને સારવાર મેળવી હતી.બનાવને પગલે રાકેશભાઈની ફરીયાદને પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રૂપાલમાંથી ઘર આગળ લાકડા નીચે સંતાડેલી ૧૨ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક આવેલા રૂપાલગામમાંથી ઘર આગળ લાકડા નીચે સંતાડીને રાખેલી દારુની ૧૨ નંગ બોટલ ઝડપાઈ છે. પેથાપુર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ ધીરેન્દ્રસિંહને રૂપાલમાં દારુના વેચાણ અંગે બાતમી મળી હતી જેને પગલે પોલીસે રૂપાલ ગામે મોટા માઢમાં રહેતા નિમેષ ઉર્ફે ભોલો કાંન્તિભાઈ પટેલના ઘરે રેઈડ પાડી હતી. પોલીસે તપાસ કરતા ઘરની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં બળતણના લાકડા નીચે બે અલગ-અલગ પ્લાસ્ટીકની થેલીમાં દારુની કુલ ૧૨ બોટલો મળી આવી હતી. પોલીસે રૂ.૪૨૦૦ કિંમતની દારુની બોટલો પકડી પાડી દારુ વિશે પુછતા યુવકે પોતાના મિત્ર જીગ્નેશ ઉર્ફે સલીમ બકાભાઈ સુથાર રહે. સુથારવાસ સાથે મળી વેચાણ કરતો હોવાનું કહ્યું હતું. યુવક અને તેનો મિત્ર રીક્ષામાં ચાર દિવસ પહેલા જ મહેસાણાના વસઈ (ડાભલા) થી આ દારુનો જથ્થો લાવ્યા હતા. પેથાપુર પોલીસે દારુનો જથ્થો અને એક મોબાઈલ મળી કુલ઼.૬૨૦૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી બંન્ને વિરુધ્ધ પ્રોહિ એકટ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રાયપુર પાસે થયેલા અકસ્માતમાં યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા રાયપુર ગામ પાસે થયેલા અકસ્માતમાં યુવકનું મૃત્યુ થયું છે. પ્રાપ્ત માહિતી મુજબ રાજસ્થાનના ઉદેપુરનો કરશન સિતારામ યાદવ (ઉં.વ.-૨૦ વર્ષ) અને ડુંગરપુરનો રહેવાસી ધનપાલ ઉદીયામીણા (ઉં.વ.-૧૮) મગોડી ખાતે રહી મજુરી કામ કરતા હતા. બંન્ને મિત્રો બાઈક પર નીકળ્યા ત્યારે રાયપુર ગામની સીમ પાસે આઈસર ટ્રક જી.જે.૧૮.યુ-૮૫૯૫ ના ચાલકે બાઈકને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં કરશન આઈસર ટ્રકના ટાયર નીચે આવી જતા તેનું ઘટના સ્થળે મૃત્યું નિપજયું હતું. જયારે ધનપાલ માર્ગ પર પટકાતા શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ આઈસર ટ્રકનો ચાલક ફરાર થઈ ગયો હતો.બનાવ અંગે ડભોડા પોલીસે આઈસરના ચાલક સામે ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# સેકટર-૧૬ સરકારી મકાનમાં ચોરી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ સરકારી "ચ"ટાઈપ આવાસના બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું છે. અમદાવાદ ખાતે પરિવાર કામઅર્થે ગયો હતો અને સવારે પરત ફર્યો હતો. તે સમય દરમિયાન ચોર ઈસમોએ ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી તિજોરી અને કબાટમાંથી રૂ.૫૯ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ડોગ સ્કવોડ અને ફિંગર પ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે રાજય સરકારના સિંચાઈ વિભાગમાં કામ કરતા રમેશભાઈ જશંવતભાઈ ભોજક સેકટર-૧૬ બ્લોક નં. ૬૯-૫ ખાતે રહે છે. શુક્રવારે રાત્રે ૧૦ વાગે તેઓ પોતાના કામથી સંબંધીના ઘરે અમદાવાદ ગયા હતા. તો તેમના પત્ની અને પુત્રી સવારે ૮ વાગે જ નીકળી ગયા હતા.શનિવારે સવારે ૯ કલાકે પરિવાર અમદાવાદથી પરત ફર્યો હતો. ત્યારે ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તુટેલો હતો અને ઘરના ત્રણ કબાટ તિજોરીનો સામાન અસ્તવ્યસ્ત પડ્યો હતો.

બનાવની જાણ કરતા સે-૨૧ પોલીસ મથકના પીએસઆઈ વી. જી. ખરચરીયા તાત્કાલીક બનાવ સ્થળે પહોંચી ગયા હતા. પોલીસ અને પરિવારે ઘરમાં તપાસ કરતા રૂ. ૪૫ હજાર રોકડા, ૫૦૦ ગ્રામ ચાંદીના દાગીના અને ગલ્લામાં રહેલા રૂ.૨૦૦૦ મળી કુલ રૂ.૫૯ હજારની મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે રમેશભાઈના પત્ની હેમાંગીબેનો ફરિયાદ નોંધાવતા પોલીસે ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તપાસ શરુ કરી છે. બનાવ સ્થળથી ડોગ નજીકના માર્ગ સુધી ગયો હતો અને ત્યારબાદ અટકી ગયો હતો જેને પગલે પોલીસને શંકા છે કે ત્યારબાદ ચોર શખ્સો કોઈ વાહનમાં બેસીને જતા રહ્યા હોય તેવું લાગે છે.

## ચિલોડા પ્રાથમિક શાળા ખાતે વિશ્વ જનસંખ્યા દિનની ઉજવણી કરાઈ



ચિલોડા, તા. ૧૩

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર તથા ચિલોડા પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે પેરાલીગલ વૉલન્ટીયર અને શિક્ષણવિદ નટુભાઈ પટેલ દ્વારા ચિલોડા સ્થિત પ્રાથમિક શાળા ખાતે ૧૧ જુલાઈ વિશ્વ વસ્તીદિનની ઉજવણીના ભાગરૂપે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશની વસ્તીવધારો એ જટિલ સમસ્યાના કારણે દિનપ્રતિદિન અનેક સમસ્યાઓ નાગરિકોને ભોગવી પડે છે. ઓછો વિકાસદર ગરીબી, બેકારી, શહેરીકરણ, રહેઠાણ, વસ્તીની ગીચતા, પ્રદૂષણ, મોંઘવારી જેવી વિકરાળ સમસ્યાઓ વધતી જાય છે. ત્યારે વસ્તી નિયંત્રણ માટે જન્મદર નીચો લાવવા રાષ્ટ્રીય વસ્તી નીતિ મુજબ રાષ્ટ્રીય કુટુંબ કલ્યાણ કાર્યક્રમ વધુ સઘન બને તેવા પ્રયાસોની સમજૂતિ નટુભાઈ પટેલે પોતાના વકતવ્ય દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમ બાદ વિશ્વ વસ્તી દિન અંતર્ગત શાળાના બાળકોએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો.

## મેદરા કેનાલમાંથી યુવક-યુવતિનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના મેદરા ગામેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી પોલીસને યુવક-યુવતિનો મૃતદેહ મળી આવ્યો છે. યુવતિ વલાદ પાસેના પ્રભુપુરા ગામની અને યુવક ડભોડાનો રહેવાસી હોવાનું ધ્યાને આવ્યું છે. આ બંન્ને યુવક-યુવતિ ઘરેથી બે દિવસ પહેલા નીકળી ગયા હતા. બનાવ અંગે ડભોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ડભોડા ગામેમાં વસવાટ કરતો વિજય દિનેશજી સોલંકી નામનો ૧૮ વર્ષિય યુવક અને વલાદ પાસે આવેલા પ્રભુપુરા ગામની ૧૭ વર્ષિય યુવતિ બુધવારના રોજથી રાત્રીના સમયથી ગાયબ હતા. યુવક-યુવતિના પરિવારજનોએ તેમની શોધખોળ આદરી હતી.આ દરમિયાન ગુરુવારના રોજ યુવકનું બાઈક અને મોબાઈલ રાયપુર કેનાલ પાસેથી મળી આવ્યા હતા. જેને પગલે બહિયલના તરવૈયાની મદદથી મૃતદેહની શોધખોળ આદરી હતી. જો કે દિવસ દરમિયાન શોધખોળ કર્યા પછી પણ કશુ હાથ લાગ્યું ન હતું.

જયારે શુક્રવારના રોજ બપોરના અરસામાં મંદરા ગામ પાસેની કેનાલમાં પુલ પાસેથી બંન્નેના મૃતદેહ તરતા જોવા મળ્યા હતા. મૃતકના પિતા દિનેશજી કેશાજી સોલંકીએ પોલીસને જાણ કરતા એએસઆઈ જયેન્દ્રભાઈએ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી જઈને મૃતદેહને બહાર કઢાવીને પીએમ અર્થે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





વનશ્રી ટ્રસ્ટ દ્વારા આધારશિલા શૈક્ષણિક સંકુલ વલાદ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. ત્યાં દેશી રોપા સાથે ખાસ સંસ્થાના સ્થાપક મંડળના દિવંગત સભ્ય દામુભાઈની સ્મૃતિમાં ચંદન વૃક્ષ વાવવામાં આવ્યું હતું.

# દલખાણીયા રેન્જમાથી સિંહણનો મૃતદેહ મળ્યો

**સિંહણના મોતને લઇ સિંહપ્રેમીઓમાં રોષ ફેલાયો : સ્થાનિક વનવિભાગ અને તંત્રની સામે ઉઠી રહેલા સવાલો અગાઉ વાઇરસને લીધે ૨૩ સિંહોના મોત નીપજ્યા હતા**

અમદાવાદ, તા.૧૩

અમરેલી પંથકના ધારી ગીર પૂર્વના દલખાણીયા રેન્જમાંથી છ થી સાત વર્ષની ઉંમરની સિંહણનો મૃતદેહ મળી આવતાં ફરી એકવાર ભારે ચકચાર મચી ગઇ હતી. સિંહણનો મૃતદેહ મળતાં સ્થાનિક વનવિભાગના અધિકારીઓ દોડતા થઇ ગયા હતા અને વન વિભાગે મૃતદેહનો કબ્જો મેળવી પીએમ માટે મોકલી આપ્યો હતો. બીજીબાજુ, વન્યપ્રેમી અને સિંહપ્રેમીઓમાં સિંહણના મૃત્યુને લઇ ભારે ચિંતા અને નારાજગીની લાગણી પ્રસરી હતી. ગીર, દલખાણીયા રેન્જ સહિતના પંથકોમાં અને તેની આસપાસના વિસ્તારોમાંથી છાશવારે સિંહ-સિંહણના મોતની સામે આવતી ઘટનાઓ અને મળી આવતા આ પ્રકારે મૃતદેહોને લઇ તંત્ર સામે અનેકવાર સવાલો ઉઠયા છે અને ખુદ ગુજરાત હાઇકોર્ટે પણ સિંહોના મોતને લઇ ગંભીર ચિંતા વ્યકત કરી તેમના રક્ષણ અને તેમને બચાવવા અસરકારક પગલાં લેવા રાજય સરકાર સહિતના સત્તાવાળાઓને મહત્વના નિર્દેશ કર્યા છે તેમછતાં ધારી ગીર પૂર્વના દલખાણિયા રેન્જમાંથી સિંહણનો મૃતદેહ મળતાં ભારે ચકચાર મચી ગઇ હતી. સિંહણનું મોત કેવી રીતે થયું તે કારણ અકબંધ છે. પીએમ રિપોર્ટ આવ્યા બાદ મોતનું સાચુ કારણ બહાર આવશે. સિંહણના મોતને લઇને ઉચ્ચ અધિકારીઓ પણ તપાસ હાથ ધરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, દલખાણીયા રેન્જમાં અગાઉ એકસાથે વાઇરસને કારણે ૨૩ સિંહોના મોત નીપજ્યા હતા.

## નેટ બેકિંગ પાસવર્ડ બદલીને ૫૨.૭૫ લાખ ટ્રાન્સફર કર્યા

અમદાવાદ, તા.૧૩

શહેરના સેટેલાઈટ વિસ્તારમાં આવેલી કંપનીના બેંક એકાઉન્ટના નેટ બેન્કીંગના યુઝર આઈડી અને પાસવર્ડ ચોરી કરી અલગ અલગ પાંચ બેંક એકાઉન્ટમાં રૂપિયા ૫૨.૭૫ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા. સાયબર ગઠિયાઓએ કંપનીના ત્રણ વાર મોબાઈલ નંબર બંધ કર્યા હતા અને નેટ બેન્કીંગના પાસવર્ડ બદલી નાંખ્યા હતા. અલગ અલગ આઠ વાર ટ્રાન્ઝેકશન કર્યા હતા. આ સમગ્ર મામલે હવે સાયબર ક્રાઈમ બ્રાન્ચે પાંચ બેન્ક એકાઉન્ટધારકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ગુજરાતમાં રોજ બિનકુદરતી રીતે ૫૫ લોકોના મોત થાય છે

**બે વર્ષમાં ૪૦૦૦૮ના અકસ્માત મોત થયા : અમદાવાદમાં એક્સિડેન્ટલ મોતનો આંકડો ૪૩૩૨ રહ્યો**

અમદાવાદ, તા. ૧૩

અમદાવાદની સાથે સાથે ગુજરાતમાં પણ આકસ્મિક અથવા તો બિનકુદરતી રીતે મોતનો આંકડો ખુબ ચિંતાજનક રહ્યો છે. ગુજરાત વિધાનસભામાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ અંગેના આંકડા જારી કરતા તમામ લોકો ચોંકી ઉઠે છે. રૂપાણીએ માહિતી આપતા કહ્યું છે કે, ગુજરાતમાં ક્રિમિનલ પ્રોસિડર (સીઆરપીસી)ની કલમ ૧૭૪ હેઠળ તપાસ ચાલી રહી છે. ગૃહ ખાતુ પોતાની પાસે ધરાવનાર મુખ્યમંત્રીએ કોંગ્રેસના સભ્યો દ્વારા વિધાનસભામાં પુછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં કહ્યું હતું કે, ૪૦૦૦૮ એક્સિડેન્ટલ મોતના કેસો પૈકી ૩૩૩૨૪ કેસોનો નિકાલ લાવી ચુકવામાં આવ્યો છે. એક્સિડેન્ટના બાકી ૭૦૮૨ કેસોમાં તપાસ ચાલી રહી છે. એક્સિડેન્ટલના મોતના મામલામાં તપાસ માટે કલમ રહેલી છે. જુદા જુદા કારણસર માર્ગ અકસ્માત, પશુઓ દ્વારા મોતના કેસોમાં તપાસ હાથ ધરવામાં આવે છે. આંકડા દર્શાવે છે કે, શહેરી વિસ્તારોમાં ગ્રામ્ય વિસ્તારોની તુલનામાં વધારે એક્સિડેન્ટલ મોત થયા છે. રાજકોટમાં સૌથી વધારે ૫૧૪૦ એક્સિડેન્ટલ મોતના મામલા સપાટીએ આવ્યા છે. જ્યારે અમદાવાદમાં ૪૩૩૨ કેસો નોંધાયા છે. ૧લી જુન ૨૦૧૭થી ૩૧મી મે ૨૦૧૯ વચ્ચેના ગાળામાં આ આંકડા નોંધાયા છે.

**વધુ અકસ્માત મૃત્યુ**

| વિસ્તાર | મોત |
|---|---|
| રાજકોટ | ૫૧૪૦ |
| અમદાવાદ | ૪૩૩૨ |
| વલસાડ | ૪૨૨૬ |
| સુરત | ૪૦૪૭ |
| જામનગર | ૧૭૬૩ |

# ચિલોડા મુકામે ગાંધીનગર જિલ્લા ભાજપ આયોજિત બક્ષીપંચ જાતિ કાર્યકર સંમેલન યોજાયું





ચિલોડા, તા. ૧૩

ભાજપ સંગઠન પર્વ તથા સદસ્યતા અભિયાન નિમિત્તે સભ્ય નોંધણીનું અભિયાનમાં ચિલોડા એસ.પી. રીસોર્ટ સેન્ટર ખાતે ગાંધીનગર જિલ્લા ભાજપ આયોજિત બક્ષીપંચ જાતિ સમુહના કાર્યકર્તાઓનું સંમેલન યોજાયું હતું.

આ સંમેલનમાં ભારતીય જનતા પાર્ટીના વધુમાં વધુ બક્ષીપંચજાતિના સક્રિય તથા તમામ સમુહના લોકો સદસ્યતા મેળવે તેવા હેતુસર સંમેલન યોજાયું હતું. જેમાં ભાજપના વિવિધ હોદ્દેદારોમાં સંગઠન પર્વ ૨૦૧૯ના જિલ્લા ઈન્ચાર્જ હિતેન્દ્રભાઈ પટેલ, દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, હિતેશ બારોટ, ગિરિશસિંહ પરમાર, નરેન્દ્રસિંહ, મહોતસિંહ, હસમુખ પટેલ, માવજીભાઈ દેસાઈ, દિલિપસિંહ, જયંતિભાઈ ચૌધરી, રમેશભાઈ ચૌધરી, અમરસિંહભાઈ સહિત કલોલ, માણસા, કલોલ, ગાંધીનગર તાલુકાના ભાજપના અને તેમાં સમાવિષ્ટ શહેર વિસ્તારના બક્ષીપંચ જાતિ સમુહના મુખ્ય કાર્યકર્તાઓ ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સદસ્યતા અભિયાન અંગે જિલ્લા ઈન્ચાર્જ હિતેન્દ્રભાઈ પટેલે તથા જિલ્લા બક્ષીપંચના ઈન્ચાર્જ એસ.પી. ઠાકોરે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

**ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ**
બીજ ભવન, સેક્ટર નં. ૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબર : ૨૩૨૫૬૭૧૬, ૨૩૨૫૬૬૯૨

**નિવૃત્ત સરકારી સીવીલ એન્જીનિયર રોકવા બાબત**

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ., ગાંધીનગરને વડી કચેરી તથા કચેરીની બાંધકામની કામગીરી અન્વયે નિવૃત્ત સરકારી સીવીલ એન્જીનિયરની કોન્ટ્રાક્ટ પદ્ધતિથી જરૂરિયાત છે, જે બાબતે રસ ધરાવતી વ્યક્તિએ તેમના જરૂરી પ્રમાણપત્રો / અનુભવ / અપેક્ષિત પગારની વિગત સાથે બંધ કવરમાં લેખિતમાં આ કચેરીને દિન-૨૧માં અરજી કરવા જણાવવામાં આવે છે.

સહી/-
(એન. કે. કાથડ)
મેનેજીંગ ડીરેક્ટર